**પ્રધાનમંત્રીએ ઇઝરાયલની સંસદ - નેસેટને સંબોધન કરી (25 ફેબ્રુઆરી, 2026)**

25 ફેબ્રુઆરી, 2026

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે જેરૂસલેમમાં નેસેટના એક વિશેષ પૂર્ણ અધિવેશનને સંબોધિત કર્યું હતું. તેઓ ઇઝરાયલની સંસદને સંબોધિત કરનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે.

2. નેસેટમાં પહોંચતાં પ્રધાનમંત્રીનું સ્વાગત નેસેટના અધ્યક્ષ, મહામહિમ શ્રી અમીર ઓહાના દ્વારા કરવામાં આવ્યું અને તેમને ઔપચારિક સ્વાગત સમારોહથી આવકારવામાં આવ્યા. ઇઝરાયલના પ્રધાનમંત્રી, મહામહિમ શ્રી બેંજામિન નેતન્યાહુ; વિપક્ષના નેતા, મહામહિમ શ્રી યાયર લેપિદ; અને અધ્યક્ષ ઓહાનાએ પ્રધાનમંત્રીના સંબોધન પહેલાં પૂર્વ પૂર્ણ અધિવેશનમાં વ્યક્તવ્ય આપ્યાં અને ભારત-ઇઝરાયલ સંબંધો માટે મજબૂત દ્વિપક્ષીય સમર્થન વ્યક્ત કર્યું.

3. પ્રધાનમંત્રીએ વિશેષ સન્માન માટે અધ્યક્ષ પ્રત્યે આભાર વ્યક્ત કરી પોતાના સંબોધનની શરૂઆત કરી. ભારત અને ઇઝરાયલ વચ્ચે મજબૂત મિત્રતાપૂર્ણ સંબંધોને રેખાંકિત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, બંને દેશોના લોકો વચ્ચે પ્રાચીન સભ્યતાગત સંબંધોની સાથે-સાથે ટેક્નોલોજી, નવીનતા, સંરક્ષણ, સુરક્ષા અને વ્યૂહાત્મક સંકલન પર આધારિત મજબૂત સમકાલીન ભાગીદારી પણ વિદ્યમાન છે. તેમણે કહ્યું કે, કૃષિ, ગ્રામીણ વિકાસ, જળ વ્યવસ્થાપન, ટકાઉક્ષમતા અને ઉદ્યોગમાં સહયોગના આધારે લોકોથી લોકોના પરસ્પર સંબંધોએ દ્વિપક્ષીય સંબંધોને ગતિશીલ દ્રષ્ટિકોણ પ્રદાન કર્યો છે. બંને દેશો વચ્ચેના ઐતિહાસિક જોડાણો અને લોકોના દ્વિમાર્ગી આવનજાવન પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ઇઝરાયલમાં ભારતીય સમુદાય અને ભારતમાં યહૂદી પ્રવાસી સમુદાયે બંને દેશોની પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

4. બંને દેશોના આતંકવાદ માટે ઝીરો ટોલરન્સની સમાધાન ન કરવાની નીતિને યાદ કરતા, પ્રધાનમંત્રીએ 7 ઑક્ટોબરના આતંકવાદી હુમલા માટે સંવેદના વ્યક્ત કરી અને જણાવ્યું કે આવી ક્રૂરતા માટે કોઇ જગ્યા નથી. તેમણે ક્ષેત્રમાં ટકાઉ શાંતિ અને સ્થિરતામાં યોગદાન આપતા તમામ પ્રયત્નોમાં ભારતની સહાય પ્રદાન કરી હતી. આ સંદર્ભમાં, તેમણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા સમર્થિત ગાઝા શાંતિ પહેલ માટે ભારતના મજબૂત સમર્થન પર પ્રકાશ પાડ્યો. બહુપક્ષીય મંચો પર ભારત અને ઇઝરાયલ વચ્ચે ચાલુ સહયોગનો ઉલ્લેખ કરતાં તેમણે ભારત-મધ્ય-પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર [IMEC] અને I2U2 માળખા અંતર્ગત બંને દેશો વચ્ચે ચાલુ અને ગાઢ સહયોગનું આહ્વાન કર્યું.

5. પ્રધાનમંત્રીએ ભારતની વિકાસ ગાથાને રેખાંકિત કરી અને વેપાર, રોકાણ, માળખાગત વિકાસ, ગ્રીન ગ્રોથ, સ્ટાર્ટ-અપ, ડિજિટલ ઉકેલો અને ઉભરતી ટેકનોલોજી, યુવાઓની નવીનતા અને સર્જનાત્મકતાના ક્ષેત્રોમાં વધુ દ્વિપક્ષીય સહયોગ માટે આહ્વાન કર્યું. દ્વિપક્ષીય રોકાણ સંધિના સમાપન

પર સંતોષ વ્યક્ત કરતા તેમણે અપ્રયુક્ત વ્યાપારિક શક્યતાઓને સાકાર કરવા માટે એક મહત્વાકાંક્ષી મુક્ત વેપાર કરારને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા માટે આહ્વાન કર્યું હતું.

6. પ્રધાનમંત્રીએ તાજેતરમાં જ ભારતમાં ઇઝરાયલ માટે રચાયેલ સંસદીય મૈત્રી જૂથનો લાભ લેતાં બંને જીવંત લોકશાહી વચ્ચે વધુ સંસદીય સંવાદનું આહ્વાન કર્યું. બંને સભ્યતાઓના મૂલ્યો વચ્ચે સમાનતાઓને રેખાંકિત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતનું 'વસુધૈવ કુટુંબકમ' [સંપૂર્ણ વિશ્વ એક પરિવાર છે] અને ઇઝરાયલનો સિદ્ધાંત 'તિક્કુન ઓલામ' [વિશ્વના ઉપચારનો ભાવ] એક સામંજસ્યપૂર્ણ સમાજ પ્રત્યે સહિયારા દ્રષ્ટિકોણને અભિવ્યક્ત કરે છે. પ્રધાનમંત્રીએ નેસેટના સભ્યોનો ભારત-ઇઝરાયલના સંબંધોમાં તેમના યોગદાન માટે આભાર માન્યો અને આગામી પર્વ પુરીમ માટે શુભકામનાઓ પાઠવી.

7. તેમના સંબોધન પછી, પ્રધાનમંત્રીને નેસેટના સ્પીકર, મહામહિમ અમીર ઓહાના દ્વારા "નેસેટ મેડલ" થી સન્માનિત કરવામાં આવ્યા. પ્રધાનમંત્રીએ આ સન્માન ભારત અને ઇઝરાયલ વચ્ચેની સ્થાયી મિત્રતાને સમર્પિત કર્યું. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન અહીં જોઈ શકાય છે [Link]

જેરૂસલેમ

25 ફેબ્રુઆરી, 2026